# <u>વેચાણ દસ્તાવેજ</u>
## <u>અવેજ ₹૦૦,૦૦,૦૦૦/- પુરાનો...</u>

**તારીખઃ- ૦૦/૦૦/૦૦૦ નાં અંગ્રેજી દિને...**

**<u>આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર તે ખરીદનાર યાને પ્રથમ પક્ષના :</u>**

**(૧) શ્રીમતી (P. A. No. )**
ઉ.આ.વ.:- , જાતનાં:- હિન્દુ, ધંધો:- વેપાર
**(૨) શ્રી (P. A. No. )**
ઉ.આ.વ.:- , જાતનાં:- હિન્દુ, ધંધો:- વેપાર
રહેવાસીઃ-

RERA NO:-

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફ્લેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

((જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **ખરીદનાર** અગર **તમો** અગર **તમો પહેલા પક્ષનાં** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ રાખનાર તથા તેઓનાં વંશ, વાલી, વારસો, સકસેસર્સ, સરવાઇવર્સ, ટ્રાન્સફરીઝ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એટોર્નીઝ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.))

**જોગ લી...**

## આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર તે વેચનાર યાને બીજા પક્ષનાં :

**શિવશકિત બિલ્ડર્સ એક ભાગીદારી પેઢીનાં (P. A. No. ADOFS 0209 G)**
**વહીવટકર્તા ભાગીદાર તરીકે**

### શ્રી અલ્પેશભાઇ કનુભાઇ સેલડિયા

ઉ.આ.વ.:- ૪૬, જાતનાઃ- હિન્દુ, ધંધોઃ- વેપાર
રહેવાસી :- ૩૩, ધમિષ્ઠા પાર્ક, મીનીબજાર, વરાછા રોડ, સુરત.

((જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **વેચનાર** અગર **અમો** અગર **અમો બીજા પક્ષનાં** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ આપનાર તથા તેઓનાં વંશ, વાલી, વારસો, સકસેસર્સ, સરવાઇવર્સ, ટ્રાન્સફરીઝ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટેટર્સ, એટોર્નીઝ ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.))

જતઆ વેચાણ દસ્તાવેજથી હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને લખી આપી જણાવીએ છીએ કે...

સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ-ડીસ્ટ્રીકટ, **મોજે મોટા વરાછાનાં** રેવન્યુ સર્વે નંબર ૧૮૭, ૧૮૮ તથા ૧૮૯ નાં **બ્લોક નંબર ૧૯૧/બ/૧** વાળી ૭૧૧૬ ચો.મી. જમીન જેને લાગુ **ટી.પી.સ્કીમ નંબર ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ)** નાં **ફાઇનલ પ્લોટ નંબર ૫૧/બ/૧** થી નોંધાયેલ ૪૬૨૫ ચો.મી. વાળી રહેણાંકનાં હેતું માટે બિનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ **"શિવશકિત પેરેડાઇઝ"** નામની ઇમારત પૈકી નીચે શિડયુલ માં વિસ્તૃત રીતે જણાવેલ મિલ્કત તમોને ₹ ૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા કઆદહઉફહજ હસકફદસહ પુરાનાં અવેજ બદલ વેચાણ આપી કબજો સુપરત કરેલ છે. અવેજના નાણાં હમોને હિસાબ ચુકતે પુરેપુરા મળી ગયેલ છે.

જત તમોને વેચાણ આપેલ નીચે શિડયુલમાં વિસ્તૃત રીતે જણાવેલ મિલ્કતનાં ટાઇટલ સંબધી વિગત એવી છે કે...

મોજે ગામ મોટા વરાછા રે.સ.નંબર ૧૮૭ વાળી જમીનનાં મુળ માલીક અંબુભાઇ હિરાલાલના નામે ચાલી આવેલ ત્યારબાદ સદર જમીનમાં સામાયીકપણામાં (૧) નાથુભાઇ હિરાભાઇ, (૨) કરશનભાઇ હિરાભાઇ, (૩) માવજીભાઇ હિરાભાઇનાં નામો

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

સામાયીકપણામાં દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૩, તા.૧૫/૦૫/૧૯૫૬ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનનાં માલીકો પૈકી માવજીભાઇ હિરાભાઇનું તા.૧૫/૧૦/૧૯૫૬નાં રોજ અવસાન થવાથી મહુર્મે તેમની હયાતીમાં તા.૧૨/૧૦/૧૯૫૬નાં રોજ કરેલ વિલનાં આધારે તેમના હિસ્સાની જમીનમાં બાઇ કાશીબેન તે માવજીભાઇ હિરભાઇની વિધવાનું નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૨૪૮, તા.૦૯/૦૧/૧૯૫૭ નાં રોજ થયેલી જે નોંધ તા.૧૩/૦૪/૧૯૫૭નાં રોજ પ્રમાણીત થયેલ છે ત્યારબાદ સદર જમીનને ટુકડાધારો લાગુ પડતા સદર જમીનને ટુકડો જાહેર કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૩૪૪, તા. ૦૭/૦૪/૧૯૫૬ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનનાં માલીકો પૈકી માવજીભાઇ હિરાભાઇનું તા.૧૫/૧૦/૧૯૫૬નાં રોજ અવસાન થવાથી મહુર્મે તેમની હયાતીમાં તા.૧૨/૧૦/૧૯૫૬નાં રોજ કરેલ વિલનાં આધારે તેમના હિસ્સાની જમીનમાં બાઇ કાશીબેન તે માવજીભાઇ હિરાભાઇની વિધવાની હયાતી બાદ (૧) બાબુભાઇ કરશનભાઇ તથા (૨) છોટુભાઇ કરશનભાઇને માલીક ઠરાવેલ હોવાથી મે મામલતદાર સાહેબનાં હુકમ નંબર આર.ટી.એસ./૧૨૨૦૮/૬૧, તા.૧૩/૧૧/૧૯૬૧નાં રોજ હુકમનાં આધારે નામ દાખલ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૬૪૪, તા. ૧૫/૧૧/૧૯૬૧ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે

મોજે ગામ મોટા વરાછા રે.સ.નંબર ૧૮૮ તથા ૧૮૯ વાળી જમીનનાં મુળ માલીક તરીકે ધીરૂભાઇ ભીમભાઇ નાયક વિગેરે તથા મંગેશરાય જનાર્દન પાઠકજી ચાલી આવેલ તથા સદરહુ જમીનનાં બીજા હક્કોમાં ગણોતિયા તરીકે નાથુભાઇ હિરાભાઇ, કરશનભાઇ હિરાભાઇ તથા માવજીભાઇ હિરાભાઇનાં નામો ચાલી આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૭૨, તા.૨૦/૦૮/૧૯૫૬ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે. ત્યારબાદ સદર જમીનને ટુકડાધારો લાગુ પડતા સદર જમીનને ટુકડો જાહેર કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૩૪૪, તા.૦૭/૦૪/૧૯૫૬ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનનાં વારસો (૧) પ્રમોદચંદ્ર બી. પાઠકજી અને બીજાઓનો ૧/૧૨ હિસ્સો, (૨) ધીરૂભાઇ ભીમભાઇ તથા સાત બીજાઓનો ૧/૧૨ હિસ્સો, (૩) અશોકચંદ્ર જે. પાઠકજીનો ૧/૧૮ હિસ્સો, (૪) જયમનગવરી બી. પાઠકજી અને બે બીજાઓનો ૧/૧૮ હિસ્સો, (૫) વિભાકર બી. પાઠકજીનો ૧/૩૦ હિસ્સો, (૬) વિક્રમ બી. પાઠકજીનો ૧/૩૦ હિસ્સો, (૭) જગદિશચંદ્ર બી. પાઠકજીનો ૧/૩૦ હિસ્સો, (૮) સુરેન્દ્ર બી. પાઠકજીનો ૧/૩૦ હિસ્સો, (૯) મંગેશરાય જનાર્દન પાઠકજીનો ૧/૧૮ હિસ્સો તથા (૧૦) સુરેશચંદ્ર બી. પાઠકજીનો ૧/૩૦ હિસ્સો હોવાથી મે. મામલતદાર સાહેબનાં હુકમ

| **દસ્તાવેજનો પ્રકાર** | **ગામનું નામ** | **બ્લોક નંબર** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઇનલ પ્લોટ નંબર** | **ફલેટ નંબર** | **ક્ષેત્રફળ ચો.મી.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

નંબર વતન/વશી/૧૦૨૧/૧૭૪/૬૦, તા.૦૮/૦૬/૧૯૬૧નાં રોજથી સામાયીકપણામાં વારસોનાં નામો દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૬૨૦, તા.૨૬/૦૬/૧૯૬૧ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનનાં માલીકો પૈકી માવજીભાઇ હિરાભાઇનું તા.૧૫/૧૦/૧૯૫૬નાં રોજ અવસાન થવાથી મહુર્મે તેમની હયાતીમાં તા.૧૨/૧૦/૧૯૫૬નાં રોજ કરેલ વિલનાં આધારે તેમના હિસ્સાની જમીનમાં બાઇ કાશીબેન તે માવજીભાઇ હિરભાઇની વિધવાનું નામ દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૬૪૪, તા.૧૫/૧૧/૧૯૬૧ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે ત્યારબાદ નોંધ નંબર ૬૨૦ માં દાખલ કરેલ હિસ્સા બરાબર ન હોવાથી ખરા હિસ્સા મુજબ (૧) પ્રમોદચંદ્ર બી. પાઠકજી અને મનમથચંદ્ર બી. પાઠકજીનો હિસ્સો ૧/૬ (૨) અશોકચંદ્ર જે. પાઠકજીનો ૧/૧૫ હિસ્સો, (૩) મંગેશરાય જનાર્દન પાઠકજી ૧/૧૫ હિસ્સો, (૪) જયમનગવરી બી. પાઠકજી ૧/30 હિસ્સો હોવાથી તે મુજબનાં નામો દાખલ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૬૯૩, તા. ૨૬/૦૬/૧૯૬૨ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ સદરહુ જમીન અંગે મે મામલતદાર સાહેબશ્રી ચોર્યાસીનાં આદેશ નમુના નંબર ૫, ૮૭૭, તા.૨૯/૦૪/૧૯૬૩નાં રોજથી ખરીદકિંમતનાં નક્કી કરેલ હપ્તા ભરવાની ટેનન્શી એકટની કલમ ૩૨ (ગ) અન્વયે ગણોતિયા નાથુભાઇ હિરાભાઇ વિગેરેનાં નામો કબજેદાર તરીકે દાખલ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૮૧૩, તા.૦૪/૦૧/૧૯૬૪ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનનાં ગણોતિયા નાથુભાઇ હિરાભાઇનું તા.૧૭/૧૦/૧૯૬૩નાં રોજ અવસાન થવાથી તેમની સીધીલીટીનાં વારસો તરીકે (૧) રતનજીભાઇ નાથુભાઇ, (૨) પરષોતમભાઇ નાથુભાઇ, (૩) વિઠ્ઠલભાઇ નાથુભાઇ, (૪) મણીબેન તે નાથુભાઇ હિરાભાઇની છોકરી તથા (૫) બેનાબેન તે નાથુભાઇ હિરાભાઇની વિધવા ચાલી આવેલા જેઓની સંમતીનાં આધારે (૧) રતનજીભાઇ નાથુભાઇ, (૨) પરષોતમભાઇ નાથુભાઇ તથા (૩) વિઠ્ઠલભાઇ નાથુભાઇનાં નામો વારસાઇ હક્કે દાખલ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૮૫૦, તા. ૩૧/૦૩/૧૯૬૪ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ સદરહુ ગામે એકત્રી કરણ યોજના લાગુ પડતા મે. સેટલમેન્ટ કમિશનર સાહેબશ્રી અમદાવાદના હુકમ નંબર ઉમસક/કોન/સુરત/૬૪૯ તા. ૩૧/૦૩/૧૯૭૮ ના રોજથી રે.સ.નંબર વાળી જમીનોને બ્લોક નંબર ફાળવવામાં આવેલ જેથી રે.સ.નંબર ૧૮૭, ૧૮૮ તથા ૧૮૯ વાળી જમીનને બ્લોક નંબર ૧૯૧ ફાળવવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૨૪૧૩, તા. ૧૧/૧૨/૧૯૮૦ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે ત્યારથી સદર જમીનનાં માલીક (૧) બાબુભાઇ કરશનભાઇ, (૨) છોટુભાઇ કરશનભાઇ, (૩) રતનજીભાઇ નાથુભાઇ,

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

(૪) પરષોતમભાઇ નાથુભાઇ, (૫) વિઠ્ઠલભાઇ નાથુભાઇ, (૬) કરશનભાઇ હિરાભાઇ, (૭) બાઇ કાશીબેન તે માવજીભાઇ હીરાભાઇની વિધવા તથા, (૮) અંબુભાઇ હિરાભાઇ ચાલી આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી કરશનભાઇ હિરાભાઇનું તા.૦૧/૧૨/૧૯૮૧ ના રોજ અવસાન થવાથી તેમની સીધીલીટીના વારસદારો તરીકે (૧) સીતાબેન તે કરશનભાઇ હીરાભાઇની વિધવા, (૨) બાબુભાઇ કરશનભાઇ, (૩) છોટુભાઇ કરશનભાઇ, (૪) રતનબેન કરશનભાઇ, (૫) કમુબેન કરશનભાઇ, (૬) કાશીબેન કરશનભાઇ ચાલી આવેલ જેઓની સંમતીનાં આધારે (૧) બાબુભાઇ કરશનભાઇ તથા (૨) છોટુભાઇ કરશનભાઇનાં નામો વારસાઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૨૪૯૪, તા. ૦૬/૦૧/૧૯૮૨ નાં રોજ થયેલી જે નોંધ તા.૩૦/૦૪/૧૯૮૨નાં રોજ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ સદર જમીનનાં માલીક અંબુભાઇ હિરાભાઇનું તા. ૧૫/૦૭/૧૯૮૨નાં રોજ અવસાન થતા તેઓએ તેમની હયાતીમાં તા.૧૧/૦૪/૧૯૭૯નાં રોજ કરેલ વીલનાં આધારે રે.સ.નંબર ૧૮૭ વાળી જમીનમાં ભીખીબેન નગીનભાઇ, હસમુખભાઇ નગીનભાઇ તથા બળવંતભાઇ નગીનભાઇનાં નામો વીલનીરૂએ દાખલ કરેલ તથા રે.સ.નંબર ૧૮૮ તથા ૧૮૯ વાળી જમીન મગનભાઇ અંબારામનાં હિસ્સે આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૨૫૬૯, તા. ૩૧/૧૨/૧૯૮૨ નાં રોજ થયેલી જે નોંધ તા.૧૯/૦૪/૧૯૮૩ નાં રોજ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી રતનજીભાઇ નાથુભાઇનું તા.૨૩/૦૧/૧૯૮૯ ના રોજ અવસાન થવાથી તેમની સીધીલીટીના વારસદારો તરીકે (૧) જમનાબેન તે રતનજીભાઇ નાથુભાઇની વિધવા, (૨) સુશીલાબેન રતનજીભાઇ, (૩) મગનભાઇ રતનજીભાઇ, (૪) રમણભાઇ રતનજીભાઇ, (૫) રમીલાબેન રતનજીભાઇ, (૬) રણછોડભાઇ રતનજીભાઇ, (૭) જમીયત રતનજીભાઇ તથા (૮) શારદાબેન રતનજીભાઇનાં નામો વારસાઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૩૦૫૬, તા.૨૭/૦૩/૧૯૮૯ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી મગનભાઇ અંબારામનું તા.૧૧/૧૦/૧૯૮૨ ના રોજ અવસાન થવાથી તેમની સીધીલીટીના વારસદારો તરીકે (૧) હંસાબેન નગીનભાઇ, (૨) ભાનબેન ભુપેન્દ્રભાઇ, (૩) હેમંતીબેન પ્રવિણભાઇ તથા (૪) જગદિશકુમાર મગનલાલ ચાલી આવેલ જેઓની સંમતીનાં આધારે જગદિશકુમાર મગનલાલનું નામ વારસાઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૩૨૨૯, તા.૩૦/૧૨/૧૯૯૧ નાં રોજ થયેલી જે નોંધ તા.૦૩/૦૪/૧૯૯૨ નાં રોજ પ્રમાણીત થયેલ છે

| **દસ્તાવેજનો પ્રકાર** | **ગામનું નામ** | **બ્લોક નંબર** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઇનલ પ્લોટ નંબર** | **ફલેટ નંબર** | **ક્ષેત્રફળ ચો.મી.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી કાશીબેન માવજીભાઇનું તા.૦૩/૦૬/૧૯૯૨ ના રોજ નિ:સંતાન અવસાન થવાથી તેમની આડીલીટીના વારસદારો તરીકે (૧) બાબુભાઇ કરશનભાઇ તથા (૨) છોટુભાઇ કરશનભાઇનાં નામ વારસાઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૩૭૩૦, તા.૧૮/૦૯/૧૯૯૬ નાં રોજ થયેલી જે નોંધ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ મોટા વરાછાને ચોર્યાસી તાલુકામાંથી નીકાલ કરવા કલેકટર સાહેબશ્રી સુરતનાં પત્રનંબર (જે)બખ/ તપસ/ વશી/ ૪૮૯૭/ ૨૦૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ તથા શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં જાહેરનામા નંબર કેવી/ ૨૬/ ૨૦૦૬/ એસએમએન/ ૯૦૨૦૦૬/ ૪૧૦/પી, તા.૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામા નંબર કેવી/ ૨૧૨/ ૨૦૦૬/ એસએમએન/ ૯૦૨૦૦૬/ ૪૧૦/ પી, તા.૨૦/૦૭/૨૦૦૬થી સદરહુ ગામનો નીકાલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૫૬૯૧, તા.૨૨/૧૨/૨૦૦૬ નાં રોજ થયેલ જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મોટા વરાછાને ચોર્યાસી તાલુકામાંથી નીકાલ કરી સુરત શહેરમાં સમાવિષ્ટ કરવા કલેકટર સાહેબશ્રી સુરતનાં પત્રનંબર (જે)બખ/ તપસ/ વશી/ ૪૮૯૭/ ૨૦૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ તથા શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં જાહેરનામા નંબર કેવી/૨૧૨/ ૨૦૦૬/ એસએમએન/ ૯૦૨૦૦૬/ ૪૧૦/પી, તા.૨૦/૦૭/૨૦૦૬ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૫૬૯૨, તા.૨૨/૧૨/૨૦૦૬ નાં રોજ થયેલ જે નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનનાં ક્ષેત્રફળ સુધારો કરવા કરેલ અરજીનાં અનુસંધાનમાં મામલતદાર સાહેબશ્રીએ તેમના હુકમ નંબર જદકો/ સુધારાહુકમ/ રજી. ૩૪૧/ ૦૭, તા.૨૯/૦૯/૨૦૦૭ થી એકત્રીકરણનાં તખતા મુજબ બ્લોક નંબર ૧૯૧ વાળી જમીનનું કુલ ક્ષેત્રફળ ૨૬૯૧૨ ચોરસ મીટર હતુ જે પૈકી બ્લોક નંબર ૧૯૧/અ વાળી જમીનનું ક્ષેત્રફળ ૫૫૬૪ ચોરસ મીટર તથા બ્લોક નંબર ૧૯૧/બ વાળી જમીનનું ક્ષેત્રફળ ૨૧૩૪૮ ચોરસ મીટર કાયમ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૬૦૪૯, તા.૨૯/૦૯/૨૦૦૭ નાં રોજ થયેલ જે નોંધ તા.૧૦/૦૧/૨૦૦૮ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી પરષોતમભાઇ નાથુભાઇનું તા.૦૪/૦૬/૨૦૧૨ ના રોજ અવસાન થવાથી તથા ડાહીબેન તે પરષોતમભાઇ નાથુભાઇની વિધવાનું તા.૧૧/૦૩/૨૦૧૧નાં રોજ અવસાન થવાથી તેમની સીધીલીટીના વારસદારો તરીકે (૧) કનૈયાલાલ પરષોતમભાઇ, (૨) પિયુષભાઇ પરષોતમભાઇ, (૩) જયવદન પરષોતમભાઇ, (૪) રેખાબેન પરષોતમભાઇ, (૫) ગીરીષભાઇ પરષોતમભાઇ તથા (૬) રામતીર્થ પરષોતમભાઇનાં નામો વારસાઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૮૬૪૬, તા.૧૦/૦૭/૨૦૧૨ નાં રોજ થયેલી જે નોંધ તા.૦૬/૧૦/૨૦૧૨ નાં રોજ પ્રમાણીત થયેલ છે

| **દસ્તાવેજનો પ્રકાર** | **ગામનું નામ** | **બ્લોક નંબર** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઇનલ પ્લોટ નંબર** | **ફલેટ નંબર** | **ક્ષેત્રફળ ચો.મી.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી વિઠ્ઠલભાઇ નાથુભાઇનું તા.૦૬/૧૨/૧૯૮૮ ના રોજ અવસાન થવાથી તથા શાંતાબેન તે વિઠ્ઠલભાઇ નાથુભાઇની વિધવાનું તા.૧૧/૧૧/૨૦૧૨નાં રોજ અવસાન થવાથી તેમની સીધીલીટીના વારસદારો તરીકે (૧) સવિતાબેન વિઠ્ઠલભાઇ, (૨) લીલાવતીબેન વિઠ્ઠલભાઇ, (૩) જયશ્રીબેન વિઠ્ઠલભાઇ, (૪) હિનાબેન વિઠ્ઠલભાઇ, (૫) હેમંતીબેન વિઠ્ઠલભાઇ તથા (૬) શશીકાંત વિઠ્ઠલભાઇનાં નામો વારસાઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૮૭૮૪, તા.૨૮/૧૨/૨૦૧૨ નાં રોજ થયેલી જે નોંધ તા.૦૧/૦૩/૨૦૧૩ નાં રોજ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી ભીખીબેન નગીનભાઇનું તા.૦૨/૦૯/૨૦૦૯ ના રોજ અવસાન થવાથી તેમની સીધીલીટીના વારસદારો તરીકે (૧) હસમુખભાઇ નગીનભાઇ (૨) બળવંતભાઇ નગીનભાઇ તથા (૩) ચંચળબેન નગીનભાઇનાં નામો વારસાઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૮૭૯૮, તા.૧૧/૦૧/૨૦૧૩ નાં રોજ થયેલી જે નોંધ તા.૨૮/૦૩/૨૦૧૩ નાં રોજ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ સદરહુ બ્લોક નંબર ૧૯૧/અ તથા ૧૯૧/બ વાળી જમીન (૧) બાબુભાઇ કરશનભાઇ, (૨) છોટુભાઇ કરશનભાઇ, (૩) હસમુખભાઇ નગીનભાઇ, (૪) બળવંતભાઇ નગીનભાઇ, (૫) સુશીલાબેન રતનજીભાઇ, (૬) જગદિશભાઇ મગનલાલ, (૭) જમીયતભાઇ રતનજીભાઇ, (૮) સવિતાબેન વિઠ્ઠલભાઇ, (૯) લીલાવતીબેન વિઠ્ઠલભાઇ, (૧૦) જયશ્રીબેન વિઠ્ઠલભાઇ, (૧૧) હિનાબેન વિઠ્ઠલભાઇ, (૧૨) હેમંતીબેન વિઠ્ઠલભાઇ, (૧૩) શશીકાંત વિઠ્ઠલભાઇ, (૧૪) કનૈયાલાલ પરષોતમભાઇ, (૧૫) પિયુષભાઇ પરષોતમભાઇ, (૧૬) જયવદન પરષોતમભાઇ, (૧૭) રેખાબેન પરષોતમભાઇ, (૧૮) ગીરીષભાઇ પરષોતમભાઇ, (૧૯) રામતીર્થ પરષોતમભાઇ, (૨૦) ચંચળબેન નગીનભાઇ, (૨૧) રમીલાબેન રતનજીભાઇ, (૨૨) શારદાબેન રતનજીભાઇ, (૨૩) મગનભાઇ રતનજીભાઇ, (૨૪) રમણભાઇ રતનજીભાઇ તથા (૨૫) રણછોડભાઇ રતનજીભાઇનાં નામો ચાલી આવેલ જે જમીન અંગે કરેલ રીલીઝ દસ્તાવેજ નંબર ૫૫, તા.૧૦/૦૨/૨૦૧૪ તથા સુધારા રીલીઝ દસ્તાવેજ નંબર ૨૮૨, તા.૧૧/૦૪/૨૦૧૪નાં આધારે અનુક્રમ નંબર ૫,૭,૨૧,૨૨ એ અનુક્રમ નંબર ૨૩ થી ૨૫ ની તરફેણમાં અનુક્રમ નંબર ૧૪ થી ૧૮નાં એ અનુક્રમ નંબર ૧૯ ની તરફેણમાં અનુક્રમ નંબર ૮ થી ૧૨નાં એ અનુક્રમ નંબર ૧૩ ની તરફેણમાં પોતાનો હક્ક-હિસ્સો જતો કરેલ હોઇ તથા અનુક્રમ નંબર ૧ થી ૪ અને ૬ તથા ૨૦ કન્ફરમીગ પાર્ટી તરીકે સામેલ છે અનુક્રમ નંબર ૫,૭,૨૧,૨૨ તથા ૧૪ થી ૧૮ તથા ૮ થી ૧૨નાં નામો કમી કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૧૪૧, તા.૧૩/૦૫/૨૦૧૪ નાં રોજ થયેલી જે નોંધ તા.૦૨/૦૭/૨૦૧૪ નાં રોજ પ્રમાણીત થયેલ છે

ત્યાબાદ બ્લોક નંબર ૧૯૧/બ વાળી જમીનમાં તા.૦૮/૦૬/૨૦૧૪નાં રોજ કૌટુંબિક વહેંચણી થવાથી પશ્ચિમ દિશા તરફની ૭૧૧૬ ચો.મી. જમીન (૧) બાબુલાલ કરશનભાઇ તથા (૨) છોટુભાઇ કરશનભાઇનાં હિસ્સે આવેલ તથા મધ્ય ભાગની ૭૧૧૬

| **દસ્તાવેજનો પ્રકાર** | **ગામનું નામ** | **બ્લોક નંબર** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઇનલ પ્લોટ નંબર** | **ફલેટ નંબર** | **ક્ષેત્રફળ ચો.મી.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

ચો.મી. જમીન (૧) મગનભાઇ રતનજીભાઇ, (૨) રમણભાઇ રતનજીભાઇ, (૩) રણછોડભાઇ રતનજીભાઇ, (૪) રામતીર્થ પરષોતમભાઇ, (૫) શશીકાંત વિઠ્ઠલભાઇનાં હિસ્સે આવેલ તથા પુર્વ દિશા તરફની ૭૧૧૬ ચો.મી. જમીન (૧) હસમુખભાઇ નગીનભાઇ, (૨) બળવંતભાઇ નગીનભાઇ, (૩) ચંચળબેન નગીનભાઇ તથા (૪) જગદિશકુમાર મગનલાલનાં હિસ્સે આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૧૮૫, તા.૨૩/૦૬/૨૦૧૪ નાં રોજ થયેલી જે નોંધ તા.૧૯/૦૮/૨૦૧૪ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીન અંગે સુરતનાં જીલ્લા ઇન્સપેકટર જમીન રેકર્ડ સુરતનાં હુકમ નંબર કેજેપી/એસ.આર./૮૭/૨૦૧૪-૧૫, તા.૧૨/૦૨/૨૦૧૫ નાં રોજથી દુરસ્તી પત્રક ૨૪ મુજબ દુરસ્તી કરવામાં આવેલ જે મુજબ બ્લોક નંબર ૧૯૧/અ વાળી જમીનનું ક્ષેત્રફળ ૫૫૬૪ ચો.મી. બાબુભાઇ કરશનભાઇનાં હિસ્સે આવેલ તથા બ્લોક નંબર ૧૯૧/બ/૧ વાળી જમીનનું ક્ષેત્રફળ ૭૧૧૬ ચો.મી. બાબુભાઇ કરશનભાઇ તથા છોટુભાઇ કરશનભાઇનાં હિસ્સે તથા બ્લોક નંબર ૧૯૧/બ/૨ વાળી જમીનનું ક્ષેત્રફળ ૭૧૧૬ ચો.મી. મગનભાઇ રતનજીભાઇનાં હિસ્સે આવેલ તથા બ્લોક નંબર ૧૯૧/બ/૩ વાળી જમીનનું ક્ષેત્રફળ ૭૧૧૬ ચો.મી. હસમુખભાઇ નગીનભાઇનાં હિસ્સે આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૪૭૪, તા.૩૦/૦૪/૨૦૧૫ નાં રોજ થયેલી જે નોંધ તા.૨૨/૦૬/૨૦૧૫ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન નવી શરત માંથી બિનખેતી હેતુ માટે જુની શરતમાં ફેરવવા મે કલેકટર સાહેબશ્રી, સુરતનાંને કરેલ અરજીનાં અનુસંધાનમાં બાબુભાઇ કરશનભાઇ પટેલ તથા છોટુભાઇ કરશનભાઇ પટેલએ પ્રિમયમની રકમ ભરપાઇ કરેલ જેથી હુકમ નંબર ગણત-૪/રજી.નં.૩૦૯/૧૫/વશી/૩૫૧૯ થી ૩૫૨૭/૨૦૧૬, ઓનલાઇન ફાઇલ નંબર ૨૧૯૩૫, તા.૨૦/૦૬/૨૦૧૬નાં રોજથી જુની શરતમાં ફેરવવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૯૦૬, તા.૧૩/૦૭/૨૦૧૬ નાં રોજ થયેલી જે નોંધ તા.૦૯/૦૯/૨૦૧૬ નાં રોજ પ્રમાણીત થયેલ છે

ત્યારબાદ બ્લોક નંબર ૧૯૧/બ/૧ વાળી જમીન તેમના માલીકો પાસેથી સદર જમીન (૧) જયંતીભાઇ દેવજીભાઇ તારપરા, (૨) અરવિંદભાઇ પરશોતમભાઇ ખુંટ, (૩) ભાવેશભાઇ અશોકભાઇ ડુંગરાણી, (૪) મુકેશભાઇ નાનજીભાઇ ઉર્ફે નાનુભાઇ ભીમાણીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સુરતનાં સબ રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૯૪૮, તા.૦૫/૧૦/૨૦૧૬ થી નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૯૭૩, તા.૦૫/૧૦/૨૦૧૬ નાં રોજ થયેલ જે નોંધ તા.૨૨/૧૧/૨૦૧૬નાં રોજ પ્રમાણીત થયેલ છે ત્યારબાદ મોટા વરાછા ગામને ટી.પી.સ્કીમ ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ) લાગુ પડતા બ્લોક નંબર ૧૯૧/બ/૧ વાળી ૭૧૧૬ ચો.મી. જમીનને ફાઇનલ પ્લોટ નંબર ૫૧/બ/૧ ફાળવવામાં આવેલ જેનુ ક્ષેત્રફળ ૪૬૨૫ ચો.મી. ફાઇનલ કરવામાં આવેલ છે.

| **દસ્તાવેજનો પ્રકાર** | **ગામનું નામ** | **બ્લોક નંબર** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઇનલ પ્લોટ નંબર** | **ફલેટ નંબર** | **ક્ષેત્રફળ ચો.મી.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

ત્યારબાદ સદર જમીનનાં માલીકે બિનખેતી કરવા માટે કરેલ અરજીનાં અનુસંધાનમાં મે. કલેકટર સાહેબશ્રી સુરતનાં હુકમ ક્રમાંક એ/જમન/તત્કાલ/એસ.આર નં. ૧૩૧/૧૭/આઇડી નં. ૧૦૯૮૨૭/વશી ૬૧૬૫ થી ૬૧૮૦/૨૦૧૭, તા.૩૧/૦૭/૨૦૧૭ નાં રોજથી રહેણાંકનાં હેતુ માટે બિનખેતીનું કૃત્ય કરવાની પરવાનગી આપેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૦૨૬૭, તા.૩૦/૦૯/૨૦૧૭ નાં રોજ થયેલી જે નોંધ તા.૨૨/૧૨/૨૦૧૭ ના રોજ પ્રમાણીત થયેલ છે મજકુર જમીન અંગે તેમના માલીકોએ બાંધકામ પરવાનગી માટે કરેલ અરજીનાં અનુસંધાનમાં સુરત મહાનગર પાલીકાએ તેમના હુકમ નંબર ટી.ડી.ઓ./ડીપી/નંબર ૫૯૨, તા.૧૭/૦૨/૨૦૧૮ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે

ત્યારબાદ સદરહુ જમીનના માલીકો પાસેથી સદર જમીન શિવશકિત બિલ્ડર્સ ભાગીદારી પેઢીનાં વહીવટકર્તા ભાગીદાર શ્રી અલ્પેશભાઇ કનુભાઇ સેલડિયાએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સુરતનાં (કતારગામ) સબ રજી. સાહેબની કચેરીમાં **અનુક્રમ નંબર ૮૪૮૦, તા.૨૮/૦૩/૨૦૧૮** થી નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૦૪૪૩, તા.૦૬/૦૪/૨૦૧૮નાં રોજ થયેલ જે નોંધ તા. નાં રોજ પ્રમાણીત થયેલ છે.

એ રીતનાં ટાઇટલ વાળી મજકુર જમીનમાં ઉપરોકત પરવાનગીઓનાં આધારે શિવશકિત બિલ્ડર્સ ભાગીદારી પેઢીએ અલગ અલગ બિલ્ડીગોનું બાંધકામ કરેલું જે પૈકી શિડયુલમાં વિસ્તૃત રીતે જણાવેલ મિલ્કતનાં વેચાણ અંગે વાતચીત કરતા તમો પ્રથમ પક્ષનાંએ વેચાણ રાખવાની ઇચ્છા દર્શાવી હોઇ તેની બજારકિંમત મુજબ અવેજનાં કુલ નાણાં ₹ ૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા દકહસદસદમબફઅગદજફચબજફ હજાર પુરા તમોએ હમોને આજદિન સુધીમાં હિસાબ ચુકતે નીચેની વિગતે ચુકવી આપેલ છે.

**અવેજની વિગત**

| રકમ ₹ | ચેક નંબર/ રસીદ નંબર | તારીખ | બેંકનું નામ/ વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ઉપર મુજબનાં અવેજનાં નાણાં અમોને મળી ગયેલા જાહેર કરી તેની આથી હમો પહોંચ સ્વીકારીએ છીએ. જેથી ભવિષ્યમાં અવેજ અપુરતો મળ્યાની કે નહી મળ્યાની હમારી કોઇ તર-તકરાર ચાલે નહી અને જો કરવામાં આવે તો આથી રદબાતલ થાય સહી.

મજકુર મિલ્કત તમારા કબજા ભોગવટા વહીવટમાં માલિકીહક્કે સુપરત કરી છે, એટલે હવે કબજા સંબંધી કે માલિકીહક્ક સંબંધી હમારો કે હમારા વંશવાલી `

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

વારસોનો કે કોઇનો કોઇપણ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સંબંધ વિગેરે રહ્યા નથી અને જે કાંઇ રાઇટ ટાઇટલ ઇન્ટરેસ્ટ હતાં તે તમામ તમારા લાભમાં આથી છોડી દીધા છે. માટે હવેથી તે મિલ્કત ઉપર જાતે વસો-વસાવો કે ગીરો, બક્ષીસ કરો યા વેચાણ કરો યા તમારૂ દિલ ચાહે તેવો વ્યવહાર કરો-કરાવો તો તેમ કરવા તમો માલિક મુખત્ત્યાર થયા છો સહી અને તેમા મારો કે મારા વંશવાલી વારસોને કે અન્ય કોઇના કોઇપણ જાતની તર-તકરાર વાંધો હરકત ચાલે નહી અને જો કરવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

મજકુર મિલ્કતનો ઉપયોગ રહેણાંકનાં હેતુ માટે જ કરવાનો છે તે સિવાયનાં વ્યાપાર, ધંધા યા ઓફિસ માટે કોઇપણ સંજોગોમાં ઉપયોગ કરવાનો રહેશે નહી તથા મજકુર ફલેટ વાળી મિલ્કતમાં કોઇપણ પ્રકારનું ઉત્પાદન થઇ શકે તેવી કોઇપણ પ્રકારની મશીનરી ગોઠવવાની રહેશે નહી યા વાઇબ્રેશન થાય તેવી કોઇપણ પ્રકારની મશીનરી ગોઠવવાની રહેશે નહી ફલેટમાં પ્લમ્બીગને લગતુ તમામ કામ ચેક કરેલ છે, જેવુ કે નળ ફીટીગ, ડ્રેનેજ લાઇન, કીચન વોશ એરીયા વિગેરે કોઇપણ જગ્યાએ લીકેજ નથી ફલેટની અંદર ટાઇલ્સ ફીટીગ, બાથરૂમ, ટોઇલેટ, વોશ, બાલ્કની, કિચન, ફલોરીગ, ચોકઠા સીલ, બારીના સીલ, ટાઇલ્સ અને મારબલને લગતુ તમામ કામ બરાબર છે જે તમોએ ચેક કરેલ છે તથા ઇલેકટ્રીક ફીટીગ, સ્વીચ બોર્ડ, તમામ પોઇન્ટ અને વાયરીગને લગતુ તમામ કામ ચેક કરેલ છે એલ્યુમિનિયમ સેકશન તથા ગ્લાસ વિન્ડો ફલેટની તમામ જગ્યાએ ચેક કરેલ છે જે બરાબર છે બીરલા પુટ્ટી, કલરને લગતા તમામ પ્રકારનું કામ ચેક કરેલ છે જે ફલેટમાં બરોબર છે ફલેટની અંદરનાં તમામ પ્રકારના કામ ઓર્ગેનાઇઝર તરફથી પુર્ણ કરવામાં આવેલ છે તમોએ નાનામાં નાની ચીજ વસ્તુ ઝીણવટપૂર્વક ચેક કરેલ છે તે સંપુર્ણ રીતે બરોબર છે.

હવે પછી (પઝેશન બાદ) ફલેટમાં કોઇપણ પ્રકારનું રીપેરીગ કામ તમો ફલેટ હોલ્ડરે સ્વખર્ચે કરવાનું રહેશે જેમા ઓર્ગેનાઇઝરની કોઇ જવાબદારી રહેતી નથી કોઇપણ ફલેટ માલીક પ્લમ્બીગની લાઇનમાં ફેરફાર કરી શકશે નહી અને કોલમ કે બીમમાં કોઇપણ પ્રકારના હોલ કરવાના નથી ફલેટ માલીકે કબજો મળ્યા પછી પોતાના ફલેટનું રીપેરીગ દરમ્યાન આજુ-બાજુનાં અથવા ઉપર-નીચેનાં ફલેટ તથા બિલ્ડીગને કોઇપણ પ્રકારનું નુકશાન થશે તો તેની જવાબદારી ગણાશે તથા રીપેરીગનો તમામ ખર્ચો તેમણે ભોગવવાનો રહેશે જે તે ફલેટ હોલ્ડર્સને ફલેટમાં ગ્રીલ લગાવવી હોઇ તો ઓર્ગેનાઇઝર દ્રારા પસંદ કરવામાં આવેલ ડીઝાઇન પ્રમાણે જ નાખવાની રહેશે આમ ન કરવામાં આવે તો તે ગ્રીલ કાઢવી પડશે ઓર્ગેનાઇઝર દ્રારા આપવામાં આવેલ કોમન જનરેટરનો નિભાવખર્ચ તમામ ફલેટ હોલ્ડર્સએ સાથે મળી ભોગવવાનો રહેશે ઓર્ગેનાઇઝર દ્રારા આપવામાં આવેલ લીફટની સુવિધા તમોએ ચેક કરેલ છે જે બરોબર છે આજ પછી લીફટને લગતા મેન્ટેનન્સ તથા રીપેરીગ ખર્ચ જે તે બિલ્ડીગનાં સભ્યોએ ભોગવવાનો રહેશે.

સદર રેસીડન્સીનાં ગેટની અંદર આવેલ રોડ-રસ્તા, પાકીગ તથા દાદર તથા ટેરેસ ઉપર આવેલ પાણીની ટાંકી હમોએ ચેક કરેલ છે જે બરાબર છે આજ પછી

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

તેનું કોઇપણ રીપેરીગ કામ કરવાનું થાય તો તે જેતે બિલ્ડીગનાં સભ્યોએ કરવાનું રહેશે સૌદર્ય પેલેસમાં બતાવવામાં આવેલી તમામ પ્રકારની સુવિધાઓ ફલેટહોલ્ડર્સને મળી ગયેલી છે તે સુવિધાઓ ઉપરાંત વધારાની સુવિધાઓ તમોએ કે તમારા વંશ-વાલી, વારસોએ ઓર્ગેનાઇઝર પાસે માંગવાની નથી કે તે બાબતે કોઇપણ જાતના તર-તકરાર કે વાંધા-વિરોધ કે દાવા-દુવી કે ઓર્ગેનાઇઝર વિરૂધ્ધ કરવાનાં નથી આમ છતા જો કરવા-કરાવવામાં આવે તો તે આ દસ્તાવેજની રૂએ રદબાતલ ગણાય શિવશકિત પેરેડાઇઝમાં ભવિષ્યમાં વહીવટ માટે સભ્યની કમિટ નિમણુક થયા પછી ઓર્ગેનાઇઝરના વેચાણમાં બાકી રહેલા ફલેટોનું કોઇપણ જાતનું મેન્ટેન્સ તેમજ ટ્રાન્સફર ફી પેટેની કોઇપણ રકમની ઓર્ગેનાઇઝર પાસેથી માંગણી કરી શકાશે નહી.

મજકુર મિલ્કતની આ પહેલા હમોએ કોઇપણ સાથે લેખિત કે મૌખિક કરારથી કાંઇપણ વ્યવસ્થા કરી-કરાવી નથી કે તે મિલ્કત અંગે કોઇપણ દાવાદૂવી થયા નથી કે કોઇનો ભરણપોષણ, રહેઠાણ વિગેરેનો હક્ક નથી કે કોઇના દાવામાં કે હુકમનામામાં, બોજામાં કે ટાંચમાં નથી કે જપ્તિમાં લેવામાં આવેલ નથી કે કોઇ સહકારી મંડળીમાં કરજ કરી તારણમાં મુકી નાણાં ઉપાડયા નથી.

મજકુર મિલ્કતને કોઇપણ સંસ્થામાં જામીનગીરીમાં બતાવી નથી કે તે મિલ્કતનું ટ્રસ્ટ કે સેટલમેન્ટ કર્યુ નથી કે સરકારી, અર્ધસરકારી ખાતાનો કોઇ બોજો યા લેણું નથી કે કોઇ ખાતા તરફથી સંપાદન કરવાની કોઇ નોટીસ મળેલ નથી અને ચોખ્ખા મારકેટેબલ ટાઇટલવાળી, નબોજી, નકરજી, નજોખમી એ મિલ્કત હતી અને છે. તેવી ખાત્રી અને વિશ્વાસ તમોને આપવાથી તે ઉપર આધાર રાખી તેનો કિંમતી અવેજ આપી તમોએ મજકુર મિલ્કત ખરીદ કરેલ છે.

આમ છતાં મારા તરફે કોઇ હક્કદાર, દાવેદાર, ગીરોદાર, હક્ક હિસ્સો ધરાવનાર નીકળી આવે તો તથા તમોને કાંઇપણ લાગભાગ, હક્ક, હિત, સંબંધ બતાવે તો તે તમામ આ દસ્તાવેજથી રદબાતલ થાય સહી એટલું જ નહી પણ તેની તથા તમારા આ રૂપિયાનો સઘળાનો જવાબ હમો બીજા પક્ષનાએ તથા હમારા વંશવાલી વારસો એ હમારા ખર્ચે આપી તેની સફાઇ કરી આપવી સહી અને વાંધો કે હરકત દૂર કરી આપવા સહી.

મજકુર મિલ્કત સરકારી, અર્ધ-સરકારી તથા અન્ય લાગતા વળગતા દફતરે હમારા નામે ચાલે છે તે નામેથી કમી કરી તમારા નામે કરવામાં જોઇતી સહી, સંમતિ, કબૂલાત મારે આપવાની છે અગર આ દસ્તાવેજથી તેવી કબૂલાત મારી ગણી લઇને તમો બારોબાર તમારા નામે ચઢાવી શકો સહી. એ મિલ્કતને લગતા કબજો સુપરત કરતા સુધીનાં ટેક્ષ, શિક્ષણવેરો, મહેસૂલ તથા વિશેષધારો વગેરે હમોએ ભરપાઇ કરેલ છે અને કબજો સુપરત કર્યા પછીનાં તેવા તમામ ટેક્ષ તથા સરકાર દ્વારા નિયત કરવામાં આવતા અન્ય ટેક્ષ તમો વેચાણ લેનારે ભરવાના રહેશે સહી.

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

મજકુર મિલ્કત આખી મિલ્કતનો એક ભાગ હોઇ વહીવટી ખર્ચ તથા કોમન વપરાશના રિપેરીગ ખર્ચ વગેરે જે આવે તેનો ફાળે પડતો હિસ્સો તમો પ્રથમ પક્ષનાએ આપવાનો રહેશે તથા સદર ઇમારતમાં વહીવટી, દેખરેખ અને જાળવણી માટે જો કોઇ એસોસીએશન કે સર્વીસ સોસાયટી બનાવે તો તેમા દરેક ફલેટ હોલ્ડર્સએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે તથા તેની રચના કરવા અંગે જે કંઇ ખર્ચ થાય તે તમામ ફલેટ હોલ્ડર્સએ સાથે મળીને ચુકવવાનાં રહેશે તથા સોસાયટી દ્વારા ઘડવામાં આવતા મેન્ટેનન્સનાં ખર્ચની રકમ નિયમીત રીતે તમો પ્રથમપક્ષનાંએ ભરપાઇ કરવાની રહેશે.

મજકુર તમોને વેચાણ આપેલ મિલ્કત અંગે લે-આઉટમાં જણાવ્યા પ્રમાણે જે રસ્તાઓ મુકેલા છે તે વાટે ટેલીફોન તથા ઇલે.મીટરના દોરડાં, કેબલ, વાયર, પાણીનાં પાઇપ, ગટરનાં ભૂંગળા, વાહનો વિગેરે લાવવા લઇ જવાનો તથા રાસુકા વપરાશનો હક્ક દરેક હોલ્ડરોને છે તેવો હક્ક તમોને પણ આપ્યો છે તથા ટેરેસનો ઉપયોગ તમામ ફલેટ હોલ્ડર્સએ સાથે મળીને કરવાનો છે તથા ભોંતળીયે આવેલ પાર્કીગ તથા અંડર ગ્રાઉન્ડ પાકીગનો વપરાશ તમામ હોલ્ડર્સએ રાસુકા કરવાનો રહેશે.

મજકુર મિલ્કતમાં આર. સી. સી., બીમ તથા કોલમમાં ફેરફાર કરવાનો તેમજ બાલ્કનીમાં ફેરફાર કરવાનો પ્રથમ પક્ષનાંને કોઇ હક્ક આપવામાં આવેલ નથી તથા મજકુર બિલ્ડીગમાં કે બાલ્કનીનાં કલરમાં સંયુકત ફલેટ હોલ્ડરો મળીને ફેરફાર કરી શકશે કોઇપણ એક ફલેટ હોલ્ડર એકલા તેવો ફેરફાર કરી શકશે નહી તથા ચોપગા પાલતુ પ્રાણી કે પક્ષી પાળી શકાશે નહી સદરહુ બિલ્ડીગનાં દર્શનમાં કોઇ સંજોગોમાં ફેરફાર કરવાનો નથી તથા સોસાયટીનું નામ શિવશકિત પેરેડાઇઝ જ રાખવાનું રહેશે જે નામમાં ભવિષ્યમાં કોઇપણ જાતનો ફેરફાર કરવાનો નથી. સોસાયટીના ટ્રાન્સફર ફી અમો બહારની વ્યકિતને વેચાણ આપીને દસ્તાવેજ થયેલ હશે તેની ટ્રાન્સફર ફી લેવાનો હક્ક સોસાયટીને આપવામાં આવેલ છે.

સદરહુ જમીનમાં આવેલ બહુમાળી ઇમારતોમાં આવેલ બગીચા તથા લાઇટો, લીફટ તથા ફાયર સેફટીની સુવિધાઓ આપેલ છે જેમા ભવિષ્યમાં તમો પ્રથમપક્ષના તથા અન્ય ફલેટ હોલ્ડર્સ સાથે મળીને બનાવવામાં આવેલ એસોસિએશને કોઇપણ જાતનો ફેરફાર કરવાનો રહેશે નહી તથા સદરહુ બગીચો, બગીચાની લાઇટો, રોડની સ્ટ્રીટ લાઇટો, લીફટ તથા ફાયર સેફટી વિગેરે તમામનો નિભાવખર્ચ તમો પહેલા પક્ષનાએ અન્ય ફલેટ હોલ્ડર્સ સાથે રાસુકો ભરપાઇ કરવાનો રહેશે. મજકુર મિલ્કતમાં આપવામાં આવેલ સુવિધાઓ તમો પ્રથમ પક્ષનાંએ જોઇ તપાસીને લીધેલ છે જેથી ભવિષ્યમાં કોઇપણ જાતની વધારાની સુવિધાની માંગણી કે ફરીયાદ બિલ્ડર પાસે કરવાની રહેશે નહી જે તમામ બાબત તમો પ્રથમ પક્ષનાંને બંધનકર્તા રહેશે મજકુર તમો પ્રથમપક્ષનાંને વેચાણ આપેલ મિલ્કતનો કબજો સુપ્રત કર્યાથી છ માસ દરમ્યાન કોઇપણ પ્રકારનુ લીકેજ થાયતો તેનુ સમારકામ કરી કરાવી આપવાની જવાબદારી અમો બીજાપક્ષનાંની છે છ માસ બાદ કોઇપણ પ્રકારનાં લીકેજનુ રીપેરીગ જેતે ફલેટ હોલ્ડર્સએ તેમના સ્વખર્ચે અને જાતે કરાવવાનું રહેશે જે ફલેટમાંથી લીકેજ થતુ હોઇ તે ફલેટ હોલ્ડર્સએ રીપેરીગ ખર્ચ ભોગવવાનો રહેશે તથા ટેરેસ માંથી લીકેજ હોઇ તેવા સંજોગોમાં

| **દસ્તાવેજનો પ્રકાર** | **ગામનું નામ** | **બ્લોક નંબર** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઇનલ પ્લોટ નંબર** | **ફલેટ નંબર** | **ક્ષેત્રફળ ચો.મી.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

ઇમારતનાં તમામ ફલેટ હોલ્ડર્સઓએ સહીયારી રીતે તે લીકેજનું સમારકામ, રીપેરીગ કામ રાસુકા કરવાનુ રહેશે.

સદરહુ યોજના રેરા એકટ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ છે જેનો રજીસ્ટર નંબર , તા. છે જેની કોપી આ દસ્તાવેજમાં સામેલ છે ખરીદનારની માંગ ઉપર ડેવલોપર્સએ ખરીદનારને જમીનમાં ટાઇટલ ડોકયુમેન્ટસ, એપ્રુલ પ્લાન, ડિઝાઇન અને સ્પેસીફીકેશન જે આર્કિટેક શ્રી કલ્પેનભાઇ મનહરભાઇ હરસોરા દ્રારા બનાવવામાં આવેલ છે અને બીજા તમામ ડોકયુમેન્ટ જે રેરા એકટ ૨૦૧૬ માં બતાવવામાં આવેલ છે તે તમામ ડોકયુમેન્ટ તથા સદર જમીનનાં ટાઇટલ બાબતનાં તમામ પેપર તમો ખરીદનારે જોઇ તપાસી લીધેલ છે.

**ફલેટ નંબરઃ- એ/૧૦૧, શિવશકિત પેરેડાઇઝ, મોટા વરાછા, સુરત.**

**ખરીદનારઃ-** **વેચનારઃ-**

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

આ દસ્તાવેજ સરકારશ્રીએ નક્કી કરેલ બજાર કીમત મુજબ જનરલ સ્ટામ્પ વાપરીને કરવામાં આવેલ છે જેથી તેની હાલની બજાર કીમત મુજબ બરોબર છે આ વેચાણ દસ્તાવેજને લગતા તમામ ખર્ચ જેવાકે સ્ટામ્પ, રજીસ્ટ્રેશન ફી, લખાઇ ફી, ટાઇપીગ ખર્ચ વગેરે તમો ખરીદનારે ભોગવેલ છે અને હવે પછીની તેની તમામ જવાબદારી તમો ખરીદનારની રહેશે તથા સ્ટેમ્પ ડયુટી અંગેની જવાબદારી પણ તમો પ્રથમ પક્ષનાની રહેશે.

**ફલેટ નંબરઃ- એ/૧૦૧, શિવશકિત પેરેડાઇઝ, મોટા વરાછા, સુરત.**

**ખરીદનારઃ-** **વેચનારઃ-**

| **દસ્તાવેજનો પ્રકાર** | **ગામનું નામ** | **બ્લોક નંબર** | **ટી.પી.સ્કીમ નંબર** | **ફાઇનલ પ્લોટ નંબર** | **ફલેટ નંબર** | **ક્ષેત્રફળ ચો.મી.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

## શિડ્યુલ
## વેચાણ આપેલ મિલ્કતની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ-ડીસ્ટ્રીકટ, **મોજે મોટા વરાછાનાં** રેવન્યુ સર્વે નંબર ૧૮૭, ૧૮૮ તથા ૧૮૯ નાં **બ્લોક નંબર ૧૯૧/બ/૧** વાળી ૭૧૧૬ ચો.મી. જમીન જેને લાગુ **ટી.પી.સ્કીમ નંબર ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ)** નાં **ફાઇનલ પ્લોટ નંબર ૫૧/બ/૧** થી નોંધાયેલ ૪૬૨૫ ચો.મી. વાળી રહેણાંકનાં હેતું માટે બિનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ **"શિવશકિત પેરેડાઇઝ"** નામની ઇમારત પૈકી **બિલ્ડીગ નંબર એ** નાં **પ્રથમમાળ** ઉપર આવેલ **ફલેટ નંબર ૧૦૧** થી નોંધાયેલ મિલ્કત જેનું કારપેટ એરીયાનું ક્ષેત્રફળ **૦૦.૦૦ ચોરસ મીટર** છે. મજકુર મિલ્કત તળ જમીનમાં ફાળે પડતા વણવહેંચાયેલ હીસ્સા ની **૦૦.૦૦ ચોરસ મીટર** જમીન સહીત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ રાસુકા વપરાશના હક્કો સહિત કુલ્લે દરોબસ્ત. જે આખી યોજનાની ચતુર્દિશા નીચે મુજબ છે

પૂર્વે :- લાગુ બ્લોક નંબર ૧૯૧/બ
પશ્ચિમે :- લાગુ બ્લોક નંબર ૧૬૯
ઉત્તરે :- લાગુ બ્લોક નંબર ૧૯૫
દક્ષિણે :- લાગુ રોડ છોડી બ્લોક નંબર ૧૮૭

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમોએ હમારી રાજીખુશીથી અક્કલ હોશીયારીમાં વાંચી, વંચાવી, સાંભળી, સમજીને, કોઇના કોઇપણ જાતના દાબ દબાણ વિના, ધાકધમકી વિના તન મનની સાવધ અવસ્થામાં તમો પહેલા પક્ષનાને કરી આપેલ છે, જે હમોને તથા હમારા વંશવાલી, વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે--------------------------------મતુ, તત્રે-------------------------------શાખ

શિવશકિત બિલ્ડર્સ એક ભાગીદારી પેઢીનાં
વહીવટકર્તા ભાગીદાર તરીકે
**શ્રી અલ્પેશભાઇ કનુભાઇ સેલડિયા**

------------------------------------ ------------------------------------

------------------------------------ ------------------------------------

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

**<u>વેચનારઃ-</u>**
શિવશકિત બિલ્ડર્સ એક ભાગીદારી પેઢીનાં
વહીવટકર્તા ભાગીદાર તરીકે
**શ્રી અલ્પેશભાઇ કનુભાઇ સેલડિયા**

**<u>ખરીદનારઃ-</u>**
**(૧) શ્રીમતી**

**(૨) શ્રી**

**// પરીશીષ્ટ //**

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફલેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |

## નોંધણી અધિનિયમ-૧૯૦૮ની કલમ-૩૪ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ.

| અ.નં. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તબદિલી લેખમાં જણાવેલ વિગતોનું વર્ણન મુજબ મોજે **ગામ મોટા વરાછા** ના રેવન્યુ સર્વે નંબર ૧૮૭,૧૮૮ તથા ૧૮૯ જેનો **બ્લોક નંબર ૧૯૧/બ/૧** જેને લાગુ **ટી.પી.સ્કીમ નંબર ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ)** નાં **ફાઇનલ પ્લોટ નંબર ૫૧/બ/૧** વાળી જમીન આયોજીત **"શિવશકિત પેરેડાઇઝ"** માં આવેલ **ફ્લેટ નંબર એ/૧૦૧** થી નોંધાયેલ મિલ્કત જેનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ **૦૦.૦૦ ચોરસ મીટર** તમોએ વેચાણ કરેલ છે કે કેમ? | હા |
| ૨ | તબદિલીનાં લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને સમજી વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો? | હા |
| ૩ | તબદિલી લેખમાં જણાવેલ વિગતે વેચાણ અવેજની રકમ તમોને મળેલ છે? | હા |
| ૪ | તબદિલી લેખમાં વેચાણ આપનાર તરીકે તમે જાતે હોવા બાબતે તમને આળખે તેવી વ્યકિતઓ લાવ્યા છો? | હા |
| **ઓળખ આપનારને પુછવાનાં પ્રશ્નો:-** | | |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો? | હા |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે? | હા |
| ૩ | કોઇ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો? | હા |

**વેચાણ આપનારની સહી:-**

-----------------------------------

-----------------------------------

**ઓળખાણ આપનારની સહી:-**

-----------------------------------

-----------------------------------

સહી
સબ રજીસ્ટ્રાર

| દસ્તાવેજનો પ્રકાર | ગામનું નામ | બ્લોક નંબર | ટી.પી.સ્કીમ નંબર | ફાઇનલ પ્લોટ નંબર | ફ્લેટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ | મોટાવરાછા | ૧૯૧/બ/૧ | ૨૪ | ૫૧/બ/૧ | એ/૧૦૧ | |